## સેક્ટર-૮ સરકારી છાત્રાલય સામે



# 'વાઈબ્રન્ટ લુકની ભીંતરમાં...!' - ગંદુ...ગાંધીનગર...!

નગરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવાની સોહામણી વાતો વચ્ચે દિન પ્રતિદિન ગંદકીની સમસ્યા હઠીલી બનતી જાય છે. સેક્ટરે સેક્ટરે અને શેરીએ-શેરીએ ઉકરડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. વાઈબ્રન્ટ લુકની ભીતરમાં ગંદકીના બિહામણા દૃશ્યો સ્વચ્છતા અભિયાનના મૂળિયા કેટલા ઊંડા છે તેનો તાદૃશ્ય ચિતાર રજૂ કરી રહ્યા છે. નિર્મળ નગરની ગુલબાંગો વચ્ચે ખડકાયેલા કચરાના ઢગથી ગંદકીની સમસ્યા સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન બની છે. તહવારો અને ઉત્સવો ટાણે હાથ ધરાતી ઝુંબેશ નાટકીય પુરવાર થતા ગાંધીનગરમાં ગંદકી અને દબાણના દૂષણે અજગરી ભરડો લીધો છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ નગરમાં નક્કર સફાઈ વ્યવસ્થા ગોઠવાઈ નથી. સરકારની નજર સામે જ સફાઈનો પ્રશ્ન બિનવારસી હાલતમાં છે. વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે મહાનુભાવોને પ્રભાવિત કરવા નગરના 'મેકઓવર' માટે અભિયાન હાથ ધરાયું છે. પરંતુ સ્વચ્છતાની સુવાસ સેક્ટરોની શેરીઓ સુધી પ્રસરે તેવો સૂર પણ ઉઠવા પામ્યો છે. ગાંધીનગર સમાચારની ટીમે સેક્ટરોની મુલાકાત લઈ ગંદકીના વરવા દૃશ્યો કેમેરામાં કેદ કર્યા છે જે અત્રે પ્રસ્તુત છે. સ્વચ્છતાના મુદ્દે 'ફોટોમેનિયાક' બનતા નેતાઓ, નગરસેવકો અને બાબુઓ નગરની આ ગંદકી ઉલેચવા નક્કર વ્યવસ્થા ગોઠવશે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે. સ્વચ્છ ભારતના અભિયાનને સાર્થક કરવા આટલું તો કરવું જ જોઈએ...!!

તસવીરો : દર્શન મારૂ, સમીર રામી, દિલીપ પ્રજાપતિ, કશ્યપ નિમાવત

## સેક્ટર-૯



## સેક્ટર-૨૪ હોલસેલ માર્કેટ પાસે



## સેક્ટર-૨૮ જી.આઈ.ડી.સી.



## સેક્ટર-૨૪ ઝુંપડપટ્ટી પાસે



## સેક્ટર-૨૯



## સેક્ટર-૩૦



## એસ.ટી. ડેપો, ગાંધીનગર



## સેક્ટર-૭ જાહેર શૌચાલય

